સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૮–૫–૦૯ ના રોજ
મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૭–૫–૦૯ ના પત્ર નં.સીમીસ/૮/૨ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૪ **(ડુંભાલ–મગોબ)**માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવાનું અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૪ **(ડુંભાલ–મગોબ)**ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે, સમયમર્યાદામાં એટલે કે તા.૨૦–૫–૦૯ સુધીમાં નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. મોજે મગોબના બ્લોક નં.૧૪૪ ને લાગુ ૭.૫૦ મી.ની પહોળાઈનો રસ્તો તેના ઓરીજીનલ પ્લોટની બાઉન્ડ્રીને લાગુ સ્થિત કરવો.

૨. મોજે મગોબના બ્લોક નં.૧૦/અ + ૧૫૪/બ ને આપવામાં આવેલ સંયુકત ફાઈનલ પ્લોટને બદલે બે જુદા ફાઈનલ પ્લોટ મંજુર પ્લાન મુજબ ફાળવવા.

૩. મોજે મગોબના બ્લોક નં.૧૪૩/૨ મૂળખંડ નં.૯૩ વાળી દક્ષિણ ગુજરાત ક્ષત્રિયસંઘની જગ્યાને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૩/એ તેમજ ૯૩/બી પૈકી ફાઈનલ પ્લોટ નં.૯૩/બી ને હાલમાં સ્થળે હયાત દક્ષિણ ગુજરાત ક્ષત્રિયસંઘ સમાજની વાડીવાળી ફાઈનલ પ્લોટ નં.૯૩/એ વાળી જગ્યાની સાથે જ ફાળવવો.

૪. મોજે મગોબના બ્લોક નં.૧૮ વાળી જગ્યામાં આવેલ હયાત બાંધકામને પ્રસ્તાવિત રીઝર્વેશન નં. આર–૧૨ ને કારણે થતી અસર દુર થાય તે મુજબ રીઝર્વેશન તેમજ ફાઈલન પ્લોટના આકારમાં ફેરફાર કરવો.

૫. મોજે મગોબના બ્લોક નં.૨૮/૩ વાળી વિશ્વકર્મા વંશ સુથાર સમાજની જગ્યાને હાલમાં સદર જગ્યામાં થઈ રહેલ મંદિરના બાંધકામવાળી જગ્યાએ જ તેમજ તેના મૂળખંડના ક્ષેત્રફળ જેટલા જ ક્ષેત્રફળનો ફાઈનલ પ્લોટ ફાળવવો.

૬. મોજે મગોબના બ્લોક નં.૪૪ ને ફાળવવામાં આવેલ બે ફાઈનલ પ્લોટ ૫૮/એ તેમજ ૫૮/બી ને બદલે ઉકત જગ્યાને એક જ ફાઈનલ પ્લોટ મળી રહે તે મુજબ આયોજન કરવું.

૭. મોજે મગોબના બ્લોક નં.૬૫ વાળી જગ્યામાં મુકવામાં આવેલ ૯ મી. પહોળાઈના રસ્તાને તે જગ્યામાં આવેલ ટેલિફોન નિગમના બિલ્ડીગને એપ્રોચ મળી રહે તે મુજબ લંબાવવો તેમજ ઉકત જગ્યામાં મુકવામાં આવેલ રીઝર્વેશન આર–૪ વાળી જગ્યામાં સ્થળે હયાત કાચા બાંધકામ હોવાના કારણે સદર રીઝર્વેશનને રદ કરવું.

<u>ઠરાવ નં.૧૬/૨૦૦૯ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.[illegible]–૫–૦૯.